**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૧**
**તારીખ.૩૦/૦૫/૨૦૨૩**

આથી ઠરાવ કરવામાં આવે છે કે ૧૫મું નાણાંપંચ (૨૦૨૨–૨૩) ટાઈડ (૫૦% પાણી પુરવઠા) ગ્રાન્ટ હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/યુ–૨/૧૫મું નાણાપંચ/પ્રથમ હપ્તો (ટાઈડ)/૨૦૨૨–૨૩/૩૧૯૫ તા.૧૨–૦૪–૨૦૨૩ હેઠળ કુલ રૂા.૧,૨૧,૮૮,૮૧૩/– લાખની ગ્રાન્ટ ફાળવણી થયેલ. જેની ૫૦% પાણી પુરવઠા રૂા.૬૦,૯૪,૪૦૬/– હેઠળ નીચે મુજબના કામો કરવા ઠરાવવામાં આવે છે.

| નં. | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ફુલ લશ્કર વિસ્તારમાં પંમ્પરૂમ તથા બોર બનાવવાની કામગીરી | ૧,૫૦૦,૦૦૦.૦૦ |
| ૨ | આંબાખાડ વિસ્તારમાં પંમ્પરૂમ તથા બોર બનાવવાની કામગીરી | ૧,૫૦૦,૦૦૦.૦૦ |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને ગુજરાત મ્યુનિ. ફાઈ.બોર્ડની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા ગુજરાત મ્યુનિ.ફાઈ.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૨</u>
# <u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>

ઉપરોકત ફાયર ઓફીસરનો રીપોર્ટ તથા ચીફ ઓફીસરશ્રીની ભલામણ ધ્યાનમાં લેતા નગરપાલિકાનાં ફાયર બ્રિગેડ ખાતાની સ્કોરપીઓ જી.જે.૨૩ જી.એ.૦૭૧૭ નું જરૂરી રીપેરીંગ કામ નીચે મુજબ

(૧) રેડિયેટર ફેન નવું નાખવાનું

(૨) ડ્રાઈવર સાઈડ પાછળનો કાચનું રીપેરીંગ

(૩) હેડ લાઈટો રીપેરીંગ

(૪) એ.સી. સર્વીસ તથા રીપેરીંગ કામ

(૫) વ્હીલ એલાયમેન્ટ કરવાનું

(૬) ચાર વીલ સર્વીસ કરવાનાં

(૭) બ્રેક રીપેરીંગ કામ

ઉપરોકત તમામ કામ કરાવવા માટે એમ.એમ.વ્હોરા ઓટો મોબાઈલ્સ આણંદ કંપનીમાં મુકતા ઉપરોકત તમામ કામનું માલ સામાન મજુરી સાથેનો થતો સંભવીત ખર્ચ મંજુર કરવામાં આવે છે.

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૩</u>
# <u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>

ઉપરોકત ફાયર ઓફીસરનો રીપોર્ટ તથા ચીફ ઓફીસરશ્રીની ભલામણ ધ્યાનમાં લેતા નગરપાલિકાનાં ફાયર બ્રિગેડ ખાતાની એમ્બ્યુલન્સ જી.જે.૨૩ જી.એ.૦૩૦૫ ની સર્વિસ તથા રીપેરીંગ કામ કરાવવા માટે સરકયુલર ટેન્ડર થી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવેલ જેનું કમ્પેરીટીવ સ્ટેટમેન્ટ બનાવી ચકાસણી કરાવતા 'અરબાઝ ઓટો મોબાઈલ્સ' એ.પી.એમ.સી. સામે, ખંભાત વાળાનાં ભાવો રૂપિયા.૨૧,૨૨૦/– અંકે રૂપિયા એકવીસ હજાર બસો વીસ પુરા જે સૌથી ઓછા ભાવો આવેલ હોવાથી ઉપરોકત ગેરેજ વાળા પાસેથી આવેલ ટેન્ડર મુજબ કામ કરાવવાનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૪</u>
# <u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>

**સેનિટેશન વિભાગના રીપોર્ટ વંચાણે લેતા સેનિટેશન વિભાગમાં આવશ્યક સેવાના ભાગરૂપે ગટર સફાઈ માટે વપરાતા જેટીંગ મશીન સાધન નં. GJ 23 GA 0436 તેમજ ડિ–સલ્ટીંગ સાધન નં. GJ 23 GA 0527માં ખામી આવેલ હોઈ જે ઘણા સમયથી બંધ હાલતમાં હોઈ તેમજ નાગરીકો અને મ્યુનિ.સભ્યશ્રીની ડ્રેનેજને લગતી ફરીયાદો અનેકો અનેક વાર આવતી હોઈ સદર મશીન તાત્કાલિક રીપેર તથા સર્વિસ કરાવવું અતિ આવશ્યક હોઈ સદર બાબતે મેં.પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ સદર સાધનના સર્વિસ કામ માટે સદર કામના જાણકાર એજન્સીઓ પાસેથી જરૂરી ભાવપત્રક સર્કયુલર ટેન્ડર ફેરવીને મંગાવેલ જેમાં શકિત ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડિંગ વર્કસના ભાવ સૌથી ઓછા આવેલ છે. જેથી શકિત ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડિંગ વર્કસ પાસે જરૂરી સર્વિસ કામ એન્જીન ઓઈલ, ગેઈર ઓઈલ, ડિફેરેસર ઓઈલ, હાઈડ્રોલીક ઓઈલ, ઓઈલ ફિલ્ટર, ડિઝલ ફિલ્ટર, ડિ–સલ્ટીંગ ફિલ્ટર સેટ, ડિ–સલ્ટીંગ એન્જીન ઓઈલ, કુલન્ટ વોટર, લેબર તથા સર્વિસ ચાર્જ સહીતની કામગીરી કરાવેલ છે. જેનો ખર્ચ કુલ રૂા.૩૧,૩૦૦/– ખર્ચ થયેલ છે. જે થયેલ સદર ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૫
## તારીખ.૩૦–૦૫–૨૦૨૩

સેનિટેશન વિભાગના રીર્પોટ વંચાણે લેતા સેનિટેશન વિભાગમાં આવશ્યક સેવાના ભાગરૂપે ગટર સફાઈ માટે વપરાતા જેટીંગ મશીન સાધન નં. GJ 23 GA 0436માં ખામી આવેલ હોઈ જે ઘણા સમયથી બંધ હાલતમાં હોઈ તેમજ નાગરીકો અને મ્યનિ.સભ્યશ્રીની ડ્રેનેજને લગતી ફરીયાદો અનેકો અનેક વાર આવતી હોઈ સદર મશીન તાત્કાલિક રીપેર કરાવવું જરૂરી હોઈ સદર બાબતે મેં.પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ સદર સાધનના રીપેરીંગ કામ માટે સદર કામના જાણકાર ફોરમેનને અમદાવાદથી બોલાવીને જરૂરી રીપેરીંગ કામમાં થ્રીવે વાલ્વ રીપેરીંગ, થ્રેડ લોકર, રાઉટરી જોઈન્ટ સીલ કીટ, અન્ય નાની મોટી કામગીરી સહીતની કામગીરી વિશાલ એન્જીનિયરીંગ અમદાવાદ મારફતે કરાવેલ છે. જેનો ખર્ચ રૂા.૨૫,૬૫૦/– ખર્ચ થયેલ છે. જે થયેલ સદર ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૬
# તારીખ.૩૦–૦૫–૨૦૨૩

સેનિટેશન વિભાગના રીર્પોટ વંચાણે લેતા સેનિટેશન વિભાગમાં આવશ્યક સેવાના ભાગરૂપે ગટરમાંથી કચરો કાઢવા ચાલતા ડિ–સલ્ટીંગ સાધન નં. GJ 23 GA 0527માં ખામી આવેલ હોઈ જે ઘણા સમયથી બંધ હાલતમાં હોઈ તેમજ નાગરીકો અને મ્યુનિ.સભ્યશ્રીની ડ્રેનેજને લગતી ફરીયાદો અનેકો અનેક વાર આવતી હોઈ સદર મશીન તાત્કાલિક રીપેર કરાવવું જરૂરી હોઈ સદર બાબતે મેં.પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ સદર સાધનના રીપેરીંગ કામ માટે સદર કામના જાણકાર ફોરમેનને અમદાવાદથી બોલાવીને જરૂરી રીપેરીંગ કામ હાઈડ્રોલીક પંપ, રીટર્નલાઈન ફીલટર, અન્ય નાની મોટી કામગીરી સહીતની કામગીરી વિશાલ એન્જીનિયરીંગ અમદાવાદ મારફતે કરાવેલ છે. જેનો ખર્ચ રૂા.૨૯,૭૦૦/– ખર્ચ થયેલ છે. જે થયેલ સદર ખર્ચ ચુકવવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૭</u>

## <u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>

સેનિટેશન વિભાગના રીપોર્ટ વંચાણે લેતા સેનિટેશન વિભાગમાં આવશયક સેવાના ભાગરૂપે સફાઇ કામ માટે વપરાતા ટેમ્પા અને ટ્રેકટર તથા અન્ય સાધનોની બેટરીઓ ઘણા સમયથી જર્જરીત થઇ ગયેલ હોઇ. સદર સાધનોને ધકકા મારીને ચાલુ કરી કામગીરી કરવી પડે છે. તેમજ ટાયર ટયુબ પણ ખરાબ થઇ ગયેલ હોય વારંવાર પંચર પડે છે. જેથી સદર બેટરીઓ અને ટાયર ટયુબ ખરીદી માટે અગાઉ વાર્ષિક ભાવો મંગાવેલ પરંતુ એક પણ ભાવ આવેલ નથી. જેથી નવી બેટરીઓ અને ટાયર ટયુબની જરૂરીયાત હોય ઓથોરાઇઝ ડિલર પાસેથી જરૂરી થતા ખર્ચથી ઓથોરાઇઝ ડિલરના ભાવે ખરીદી કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૮

# તારીખ.૩૦–૦૫–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે શહેરમાં આઠ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો આવેલ છે. જેમાં જુદા જુદા વિસ્તારોના ગટરના પાણીનો નિકાલ થાય છે.

ખંભાત નગરપાલિકા ખાતે પંપીંગ સ્ટેશને પંપ, મોટરો, સ્ટાટર, પેનલ બોર્ડ વિગેરે રીપેર કરવાના વાર્ષિક ટેન્ડરનો વર્ક–ઓર્ડર અત્રેના સુ.જા.નં. ૨૬૧૬ તા.૦૧–૦૩–૨૦૨૩થી આપેલ. જેની મુદત તા.૩૧–૦૩–૨૦૨૩ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે. તેમજ સદર કામગીરી આવશયક સેવામાં હોઈ કામગીરી અવિરત પણે ચાલુ રહે અને શહેરીજનોને મુશ્કેલી ના પડે તે અર્થે સદર એજન્સીની વાર્ષિક ટેન્ડરની મુદત તા.૩૦/૦૬/૨૦૨૩ સુધી લંબાવવા તથા આ બાબતે આગળની કાર્યવાહી અર્થે મે. પ્રમુખશ્રી, એકઝી.કમીટી ચેરમેનશ્રી અને ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૫૯
# તારીખ. ૩૦–૦૫–૨૦૨૩

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન – અર્બન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ, સ્ટાર રેટીંગ, ODF+/ ODF++/ Water Plus ની મોટા ભાગની કામગીરી MIS PORTAL પર થાય છે. જે કામગીરી સમયમર્યાદામાં થઈ શકે તે માટે નગરપાલિકાઓમાં MIS/ IT EXPERT ની નિમણૂંક કરવા/ લંબાવવા માટે મિશન ડાયરેકટરશ્રીના પત્ર નંબર.સભમ/ ૧૦૨૦૨૩/ ૧૭૬૦/ ૧૧૫ તા.૦૫/૦૫/૨૦૨૩ મુજબ તા.૩૦/૦૪/૨૦૨૪ સુધી સમયગાળો લંબાવવાનો થતો હોય નગરપાલિકામાં ફરજ બજાવતા શ્રી જયદીપભાઈ રાણા MIS/ IT EXPERT ની નિમણૂંકનો સમયગાળો તા.૩૧/૦૫/૨૦૨૩ના રોજ પૂર્ણ થતી હોય અગાઉ કારોબારી સમિતી ઠરાવ નં ૧૧૯ તા.૧૬/૦૭/૨૦૨૨ થી મંજુર થયેલ જેની સમય મર્યાદા તા.૩૧/૦૫/૨૦૨૩ના રોજ પૂર્ણ થતી હોય ઉપરોકત પત્રની વિગતો જોતા તા.૦૨/૦૬/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૪ સુધીના સમય માટે પ્રતિમાસ રૂા.૧૫૦૦૦/– લેખે રાખવા મંજુર કરવામાં આવે છે. આ અંગેનો ખર્ચ કેપેસિટી બિલ્ડીંગ અને ઓફિસ મેનેજમેન્ટની બચત ગ્રાન્ટમાંથી અથવા નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

**<u>ખંભાત નગરપાલિકા ,ખંભાત</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૦</u>**

**<u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>**

**આથી ઠરાવ કરવામાં આવે છે કે નગરપાલિકાના જુદા–જુદા વિભાગોમાં અગત્યના કાગળો ફાઈલીંગ કરવા માટે વારંવાર ફાઈલોની ખૂબ જ જરૂર પડતી હોઈ તો આ અંગે ગ્રામ ઉદ્યોગ મંદિર, ગઢડા(સ્વા.) જિ.ભાવનગરથી ભાવો મંગાવેલ છે. જેના આધારે ખાદી પટ્ટી સાઈઝ ૧૪×૧૦ ફાઈલ નંગ–૧ ના રૂપિયા ૧૨–૦૦ લેખે તથા એક્ષ્ટ્રા જી.એસ.ટી. ખર્ચ સાથે ફાઈલ નંગ–૨૦૦૦ (બે હજાર) જેમા ફ્રિ પ્રિન્ટીંગ કામ સાથે મંગાવવા તથા તે અંગેનો ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૧**

**તારીખ.૩૦–૦૫–૨૦૨૩**

જે.સી.ડ્રાઈવર રાજુભાઈ જીલુભાઈ પરમારની અરજી તથા ખાતા સુપરવાઈઝરશ્રીનો રીપોર્ટ અને ચીફ ઓફીસર સાહેબશ્રીનો ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાનું જે.સી.બી.ડ્રાઈવર રાજુભાઈ જીલુભાઈ પરમાર સને ૨૦૧૪ થી ફરજ બજાવે છે. તેમની કામગીરી ધ્યાને લઈ તેમને મળતા પગારમાં રૂપિયા.૩૦૦૦/– નો જુન–૨૩ થી વધારો કરી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૨
# તારીખ.૩૦–૦૫–૨૦૨૩

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાકિાના છઠ્ઠા પગાર પંચમાં આવતાં કાયમી કર્મચારીઓ તથા પેન્શનરોના પગારની મોંઘવારીમાં સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ વલભ–૧૦૨૦૦૯–જીઓઆઈ–૧૦–ચ તારીખઃ ૨૩–૫–૨૦૨૩થી થયેલ ઠરાવ મુજબ છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતાં કર્મચારીઓને તથા પેન્શનર કર્મચારીઓને ૨૦૩%માં વધારો કરી તા.૧–૭–૨૦૨૨થી મૂળ પગારના ૨૧૨% તથા તા.૧–૧–૨૦૨૩થી મૂળ પગારના ૨૨૧% મોંઘવારી જાહેર કરેલ છે. જેને ચાલુ માસ (મેં–૨૦૨૩)થી લાગુ કરવા તથા તા.૧–૭–૨૦૨૨થી તા.૩૦–૬–૨૦૨૩ સુધીના તફાવતની રકમ ૩ હપ્તામાં (૧)પ્રથમ હપ્તો જૂન માસના પગાર (પેઈડ ઈન જુલાઈ) સાથે (૨) બીજો હપ્તા ઓગષ્ટ માસના પગાર (પેઈડ ઈન સપ્ટેમ્બર) સાથે (૩) ત્રીજો હપ્તો ઓકટોબર માસના પગાર (પેઈડ ઈન નવેમ્બર) સાથે ચૂકવવા મંજુર કરવામાં આવે છે.

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૩
## તારીખ.૩૦–૦૫–૨૦૨૩

આજ રોજ તારીખ.૩૦–૦૫–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૪૬ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૪
# તારીખ.૩૦–૦૫–૨૦૨૩

આજ રોજ તારીખ.૩૦–૦૫–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૩૦ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૫
# તારીખ.૩૦–૦૫–૨૦૨૩

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન – અર્બન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ, સ્ટાર રેટીંગ, ODF+/ ODF++/ Water Plu(ની બધી જ કામગીરી MIS PORTAL પર થાય છે. જે કામગીરી સમય મર્યાદામાં થઈ શકે તે માટે નગરપાલિકાઓમાં MIS/ IT EXPERT ની નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓ ની કામગીરી સાથે સાથે તેઓ ધ્વારા ખંભાત નગરપાલિકાની ગુમાસ્તાધારા વિભાગ તમામ કામગીરી ONLINE કરવાની એન્ટ્રી તેમજ વ્યવસાયવેરાની તમામ કામગીરી તેઓ બજાવે છે.સરકારશ્રીના તમામ પોર્ટલની ઓનલાઈન કામગીરી તેમજ નગરપાલિકાની કોઈપણ ખાતાની ઓનલાઈન માહિતી તેઓ ધ્વારા કરવામાં આવે છે. તેમજ હાલમાં તેઓને એરિયાબેઝ સોફટવેર તથા કોમ્પ્યુટરને લગતી તમામ કામગીરી તેઓ ધ્વારા કરવામાં આવે છે.સરકારશ્રીના પ્રવર્તમાન કાયદા અનુસાર તેમને માસિક પગાર ચુકવવામાં આવે છે.પરંતુ તેઓએ તારીખ.૦૬/૦૧/૨૦૨૦ ના રોજથી તમામ કામગીરી કરેલ હોઈ તેના ફળ સ્વરૂપે તેઓને ૦૧/૦૬/૨૦૨૩ થી એમ.આઈ.એસ એક્ષપર્ટ જયદિપભાઈ રાણા ને માસિક પગારમાં તેમના જે તે માસનો પગાર ચુકવવામાં આવે છે તે ઉપરાંત વધારાની કામગીરીના સ્વરૂપમાં રૂા.૩૦૦૦/– જે તે તારીખ ૦૧/૦૬/૨૦૨૩ થી ૩૦/૦૪/૨૦૨૪ સુધી તેનુ પગારબીલ જેતે ખાતાએ અલગથી બનાવવાનુ રહેશે અને જે તે ખાતામાં અલગથી ચુકવવા બીજા ઠરાવ કરવામાં ના આવે ત્યાં સુધી ચુકવવા ઠરાવવામાં આવે છે.અને ચુકવણી જુન–૨૦૨૩ નો જે દિવસ પગાર કરવામાં આવે તે દિવસે આ વધારાના મહેતાણું અલગથી તે ચુકવી દેવાનુ રહેશે અને આજ પ્રમાણે હવે પછી નિયમિત દર માસે અલગથી બીલ બનાવી અલગથી ચુકવવાનુ ઠરાવવમાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૬**

**તારીખ.૩૦–૦૫–૨૦૨૩**

ઉપરોકત રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ વંચાણ માં લેતા નગરપાલીકા લાઈટવિભાગ દ્વારા શહેરમા આવેલ સ્ટ્રીટલાઈટો રીપેરીગ કરવા માટે જરૂરી ઈલેકટ્રીક માલ–સામાનની સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના કામે ઈલે.માલસામાનની જરૂરીયાત હોય તે ઈલે. માલ–સામાનની ખરીદી કરવાના વાર્ષિક ભાવો મેળવવા માટે એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૯/તારીખ.૨૭–૧૨–૨૦૨૨થી દૈનિક પેપરમાં જાહેરાત આપવા મંજુર થયેલથી સુ.જા.નંબર.૨૫૭૦/તારીખ.૨૮–૦૨–૨૦૨૨થી માહિતી નિયામકશ્રી, આણંદ મારફતે તારીખ.૦૨–૦૩–૨૦૨૩થી "લોક સત્તા–જનસત્તા"દૈનીક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી એન કોડ સોલ્યુસન મારફતે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવેલ જે અંગે ઓનલાઈન ભાવો મંગાવવાની અંતિમ તારીખ.૧૮–૦૩–૨૦૨૩ હતી તથા ફીઝીકલ ડોકયુમેન્ટ રજુ કરવાની અંતિમ તારીખ.૨૭–૦૩–૨૦૨૩ હતી.

જે સમયમર્યાદામાં નીચે જણાવેલ એજન્સીઓએ ઓનલાઈન ટેન્ડર ભરેલ છે.

(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ————————કપડવંજ

(૨)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રીકલ વર્કસ————————————————અમદાવાદ

(૩)બરબરાવાલ ઈલેકટ્રીક ——————————————————ખંભાત

ટેન્ડરનાં ફીઝીકલ ડોકયુમેન્ટ ઈન્સ્યુ કરવાનાં તારીખ.૨૭–૦૩–૨૦૨૩ની સુધી સમયમર્યાદામાં અં.નં.૧ અને અં.નં.૨ નાં ફીઝીકલ ડોકયુમેન્ટ મળેલ છે.અને અં.નં.૩ નાં ફીઝીકલ ડોકયુમેન્ટ તારીખ.૨૮–૦૩–૨૦૨૩નાં રોજ એટલે કે સમયમર્યાદાની બહાર મળેલ હોવાથી તે ખોલવાનાં થતા નથી.તેથી અં.નં. ૧ અને અં.નં.૨ નાં ફીઝીકલ ડોકયુમેન્ટ તારીખ.૦૫–૦૪–૨૦૨૩ને બુધવારનાં રોજ બપોરે ૨–૦૦કલાકે અધિકારીશ્રી તથા પદાઅધિકારીશ્રઓની રૂબરૂમાં ખોલવામાં આવેલ છે.

જે સમયમર્યાદામાં નીચે જણાવેલ એજન્સીઓનાં ફીઝીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ આ અંગે આવેલ ૨ એજન્સીનાં પ્રાઈઝબિડ ઓપન કરેલ છે.

(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ————————કપડવંજ

(૨)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રીકલ વર્કસ————————————————અમદાવાદ

ઉપરોકત જણાવેલ અં.નં. ૧ અને અં.નં.૨ એજન્સીનાં નાં ફીઝીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ તે ૨ એજન્સીનાં પ્રાઈઝબિડ ઓપન તારીખ.૧૫–૦૫–૨૦૨૩ને સોમવારનાં અધિકારીશ્રી તથા તથા પદાઅધિકારીશ્રઓની રૂબરૂમાં ઓનલાઈન ખોલવામાં આવેલ છે.

અં.નં. ૧ અને અં.નં.૨ એજન્સીઓએ ટેન્ડરમાં જણાવેલ અં.નં. ૧ થી ૪૬ આઈટમોનાં ભાવ ઓનલાઈન ભરેલ ભાવ જે નીચે જણાવેલ એજન્સીઓના આવેલ છે.

| NO. | ITEMS | (૧)<br>શ્રી ક્રિષ્ના<br>ઈલેકટ્રોનિક<br>એન્ડ<br>ઈલેકટ્રીકલ્સ<br>કપડવંજ | (૧)<br>શ્રી ક્રિષ્ના<br>ઈલેકટ્રીકલ<br>વર્કસ<br>અમદાવાદ |
|---|---|---|---|
| 1 | 40 Watt Crompton Company Lamp (ISI) 1 pc | 8=25 | 19=00 |
| 2 | 40 Watt Crompton Company Tube (ISI) 1 pc | 36=00 | 69=00 |
| 3 | 40 Watt Crompton Company Aluminum Full Polyester Heavy Duty Choke (With 1 Year Guarantee) 1 pc | 85=00 | 220=00 |
| 4 | 40 Watt Crompton Company Copper Winding Full Polyester Heavy Duty Choke (With 1 Year Guarantee) 1 pc | 95=00 | 260=00 |
| 5 | 40 Watt Philips Company Capacitor Heavy Duty Starter (ISI) 1 pc | 7=00 | 20=00 |
| 6 | Brakelite Good Quality Rotor Holder (ISI Makarwala) 1pc | 3=50 | 14=00 |
| 7 | Steelgrip Co. P.V.C. Taperol (ISI) 1 no in 9 meters | 8=20 | 13=00 |
| 8 | 1/18 PVC solid copper wire net gauge (ISI 80 to 90 mil length) 1 off | 320=00 | 999=00 |
| 9 | 16/20 PVC Flexible Copper Wire Net Gauge (ISI 80 to 90 Min Length) 1 Bundle | 260=00 | 999=00 |
| 10 | 3/20 PVC Solid Copper Wire Net Gauge (ISI 80 to 90 Mil Length) 1 Bundle | 425=00 | 1399=00 |

| | | | |
|---|---|---|---|
| 11 | 7/20 PVC Solid Copper Wire Net Gauge (ISI 80 to 90 Meter Length) 1 Bundle | 540=00 | 2750=00 |
| 12 | Twin Code Wire Aluminum 6 mm Net Gauge (ISI 80 to 90 Meter Length) 1 Bundle | 950=00 | 1699=00 |
| 13 | 4ft Mesh Neck Tube Fixture Large Size (Zen Company) 1pc | 190=00 | 799=00 |
| 14 | 1ft Mesh Neck Tube Fixture Large Size (Zen Company) 1pc | 120=00 | 599=00 |
| 15 | Neck Tube Patti (Marshall Company) | 35=00 | 699=00 |
| 16 | 25 Watt Crompton Company Powersaver Tube (ISI with 1 Year Warranty) 1pc | 200=00 | 299=00 |
| 17 | 35 Watt Crompton Company Powersaver Tube (ISI with 1 Year Warranty) 1pc | 240=00 | 399=00 |
| 18 | PVC Pendant Holder 1 no | 7=50 | 19=00 |
| 19 | 1kg with 2½ nut-bolt of 8'' raw whole wheat flour | 120=00 | 160=00 |
| 20 | 1kg with 8" 10" whole grain nut-bolts | 120=00 | 170=00 |
| 21 | 16 gauge galvanized wire 1 kg | 120=00 | 190=00 |
| 22 | Iron clamp over cement pole as per specimen supply with nut bolt 8" bolt 1 no. | 190=00 | 200=00 |
| 23 | Supplying iron clamps as per sample with nut bolts 1½ & 2 inch 8-eyes for making pipe fittings (1 nos.) | 190=00 | 799=00 |

| | | | |
|---|---|---|---|
| 24 | Supplying galvanized pipe of 4 feet length as per banded sample of 0.5 (B Class) 1 No | 100=00 | 999=00 |
| 25 | Work to supply as per banded sample 4 ft. length galvanized 1½ & 2 inch pipe of Rs.(B Class) 1 no. | 120=00 | 1499=00 |
| 26 | 200 AMPIRE THREE PHASE MAIN SWITCH BRASS CONTACT 1 NOS | 4650=00 | 7550=00 |
| 27 | 200 AMPIRE CHINAI FUSE BRASS CONTACT 1 NO | 450=00 | 599=00 |
| 28 | 100 ampere Chinese fuse Brass contect 1 no | 310=00 | 499=00 |
| 29 | 65 Empire Chinese Fuse Brass contact 1pc | 120=00 | 299=00 |
| 30 | 3rd Empire I.C.D.P. MAIN SWITCH BRASS CONTACT 1 NO | 390=00 | 999=00 |
| 31 | Taparia Company R10 M.M. Pakkad 8" inch | 220=00 | 259=00 |
| 32 | Taparia Company 130 Mm. Tester (813 No. Small Size) | 40=00 | 59=00 |
| 33 | Taparia Company 200 M.M. Tester (813 No. Large Size) | 45=00 | 69=00 |
| 34 | Hand gloves 11 KV (ISI) 1 no | 175=00 | 599=00 |
| 35 | Orient Company 48 inch Ceiling Fan (PSP) | 1350=00 | 1499=00 |
| 36 | Orient Company 16 inch Wall Fan | 2050=00 | 1999=00 |
| 37 | 9 watt LED Lamp Halonex Company (ISI) 1 year warranty with piece to piece replacement | 80=00 | 79=00 |

| | | | |
|---|---|---|---|
| 38 | 20 watt LED 4 Foot Light Halogenus Company (ISI) year warranty with piece to piece replacement | 450=00 | 239=00 |
| 39 | 24 W LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 680=00 | 799=00 |
| 40 | 50 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 1450=00 | 1239=00 |
| 41 | 100 watt LED light complete with fitting fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 3250=00 | 2124=00 |
| 42 | 200 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 4550=00 | 2999=00 |
| 43 | 400 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 5150=00 | 7999=00 |
| 44 | In the light section, write the price of repairing old 24 watt LED light and its warranty period for repairing. | 280=00 | 399=00 |
| 45 | In the light section, write the price of repairing old 50 watt LED light and its warranty period of repairing. | 410=00 | 499=00 |

| | | | |
|---|---|---|---|
| 46 | In the light section write the price of repairing old 100 watt LED light and its warranty period of repairing. | 510=00 | 799=00 |

(૧) શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારીએ ટેન્ડર સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ ૧૦૦૦૦/રૂ.ની બેક ઓફ ઈન્ડિયા બેંક ફીકસ ડીપોઝીટની રસીદ મુકેલ છે.
ને તે એજન્સીનાં આઈટમ નંબર.૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫, ૧૬,૧૭,,૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૩૨,૩૩,૩૪, ૩૫,૩૯,૪૩,૪૪,૪૫,૪૬નાં કુલ ૪૦ આઈટમમાં ભાવ ઓછા આવેલ છે.
(૨) શ્રી ક્રિષ્ના ઈલેકટ્રીકલ વર્કસ અમદાવાદવાળા વેપારીએ ટેન્ડર સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ ૧૦૦૦૦/રૂ.ની ભારતીય સ્ટેટ બેંક ફીકસ ડીપોઝીટની રસીદ મુકેલ છે.
ને તે એજન્સીનાં આઈટમ નંબર.૩૬,૩૭,૩૮,૪૦,૪૧,૪૨નાં કુલ ૬ આઈટમમાં ભાવ ઓછા આવેલ છે.

સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં લાઈટવિભાગમાં ઈલે.માલસામાનની જરૂરીયાત ખરીદી કરવા માટે ઉપરોકત જણાવેલ ૨ એજન્સીઓના ઓનલાઈન ભાવપત્રકો આવેલ છે જે આવેલ ભાવપત્રકોનું સરખામણીપત્રક બનાવી તેમાં જોતાં જે નીચે જણાવેલ છે.

જેમાં અં.નં.(૧) શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારીનાં ૪૦ આઈટમમાં ભાવ ઓછા આવેલ છે.

અં.નં.(૨) શ્રી ક્રિષ્ના ઈલેકટ્રીકલ વર્કસ અમદાવાદવાળા વેપારીનાં ૬ આઈટમમાં ભાવ ઓછા આવેલ છે.

સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં લાઈટવિભાગમાં ઈલેકટ્રીક માલસામાનની જરૂરીયાત મુજબ ખરીદી કરવા માટે ઓનલાઈન આવેલ ભાવ પત્રકોનું બનાવેલ સરખામણીપ્રત્રકમાં જોતાં અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારીના સૌથી વધારે આઈટમમાં ભાવ ઓછા આવેલ છે જે સદર એજન્સીને સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં લાઈટવિભાગમાં ઈલેકટ્રીક માલસામાન મુજબની જરૂરીયાત ખરીદી કરવાનાં ભાવ ઘટાડા માટે સુ.જા.નંબર.૪૮૭/તારીખ.૨૪–૦૫–૨૦૨૩થી પ્રત્ર લખી તારીખ.૨૯–૦૫–૨૩ને સોમવારના રોજ બપોર.૧૨–૦૦ કલાકે નેગોશીયનમાં રૂબરૂ આવવા જણાવેલ જે પ્રત્રના અનુંસંધાને અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારી તારીખ.૨૯–૦૫–૨૩ને સોમવારના રોજ બપોરે. ૧૨–૦૦ કલાકે ઓનલાઈન ટેન્ડરમાં જણાવેલ અં.નં.૧ થી ૪૬ આઈટમોનાં ભરેલ ભાવમાં નેગોશીયન કરવા આવેલ જે એજન્સીએ ચીફઓફીસરશ્રીની રૂબરૂમાં નેગોશીયન કરાવેલ જે એજન્સીએ ઓનલાઈન ટેન્ડરમાં જણાવેલ અં.નં. ૧ થી ૪૬ આઈટમોમાં ભાવ ઘટાડો કરેલ તે લખી આપેલ છે.જે આપેલ ભાવ ઘટાડાનું સરખામણી પ્રત્રક બનાવી તેને ઓડીટ કરાવી જે નીચે જણાવેલ છે.

| અં.નં. | આઈટમ | અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારી તા.૨૯–૦૫–૨૩ના રોજ નેગોશીયનમાં |
|---|---|---|
| 1 | 40 Watt Crompton Company Lamp (ISI) 1 pc | 8=25 |
| 2 | 40 Watt Crompton Company Tube (ISI) 1 pc | 36=00 |
| 3 | 40 Watt Crompton Company Aluminum Full Polyester Heavy Duty Choke (With 1 Year Guarantee) 1 pc | 85=00 |
| 4 | 40 Watt Crompton Company Copper Winding Full Polyester Heavy Duty Choke (With 1 Year Guarantee) 1 pc | 95=00 |
| 5 | 40 Watt Philips Company Capacitor Heavy Duty Starter (ISI) 1 pc | 7=00 |
| 6 | Brakelite Good Quality Rotor Holder (ISI Makarwala) 1pc | 3=50 |
| 7 | Steelgrip Co. P.V.C. Taperol (ISI) 1 no in 9 meters | 8=20 |
| 8 | 1/18 PVC solid copper wire net gauge (ISI 80 to 90 mil length) 1 off | 320=00 |
| 9 | 16/20 PVC Flexible Copper Wire Net Gauge (ISI 80 to 90 Min Length) 1 Bundle | 260=00 |
| 10 | 3/20 PVC Solid Copper Wire Net Gauge (ISI 80 to 90 Mil Length) 1 Bundle | 425=00 |
| 11 | 7/20 PVC Solid Copper Wire Net Gauge (ISI 80 to 90 Meter Length) 1 Bundle | 540=00 |
| 12 | Twin Code Wire Aluminum 6 mm Net Gauge (ISI 80 to 90 Meter Length) 1 Bundle | 950=00 |

| | | |
|---|---|---|
| 13 | 4ft Mesh Neck Tube Fixture Large Size (Zen Company) 1pc | 190=00 |
| 14 | 1ft Mesh Neck Tube Fixture Large Size (Zen Company) 1pc | 120=00 |
| 15 | Neck Tube Patti (Marshall Company) | 35=00 |
| 16 | 25 Watt Crompton Company Powersaver Tube (ISI with 1 Year Warranty) 1pc | 200=00 |
| 17 | 35 Watt Crompton Company Powersaver Tube (ISI with 1 Year Warranty) 1pc | 240=00 |
| 18 | PVC Pendant Holder 1 no | 7=50 |
| 19 | 1kg with 2½ nut-bolt of 8'' raw whole wheat flour | 120=00 |
| 20 | 1kg with 8" 10" whole grain nut-bolts | 120=00 |
| 21 | 16 gauge galvanized wire 1 kg | 120=00 |
| 22 | Iron clamp over cement pole as per specimen supply with nut bolt 8" bolt 1 no. | 190=00 |
| 23 | Supplying iron clamps as per sample with nut bolts 1½ & 2 inch 8-eyes for making pipe fittings (1 nos.) | 190=00 |
| 24 | Supplying galvanized pipe of 4 feet length as per banded sample of 0.5 (B Class) 1 No | 100=00 |
| 25 | Work to supply as per banded sample 4 ft. length galvanized 1½ & 2 inch pipe of Rs.(B Class) 1 no. | 120=00 |

| | | |
|---|---|---|
| 26 | 200 AMPIRE THREE PHASE MAIN SWITCH BRASS CONTACT 1 NOS | 4650=00 |
| 27 | 200 AMPIRE CHINAI FUSE BRASS CONTACT 1 NO | 450=00 |
| 28 | 100 ampere Chinese fuse Brass contect 1 no | 310=00 |
| 29 | 65 Empire Chinese Fuse Brass contact 1pc | 120=00 |
| 30 | 3rd Empire I.C.D.P. MAIN SWITCH BRASS CONTACT 1 NO | 390=00 |
| 31 | Taparia Company R10 M.M. Pakkad 8" inch | 220=00 |
| 32 | Taparia Company 130 Mm. Tester (813 No. Small Size) | 40=00 |
| 33 | Taparia Company 200 M.M. Tester (813 No. Large Size) | 45=00 |
| 34 | Hand gloves 11 KV (ISI) 1 no | 175=00 |
| 35 | Orient Company 48 inch Ceiling Fan (PSP) | 1350=00 |
| 36 | Orient Company 16 inch Wall Fan | 1950=00 |
| 37 | 9 watt LED Lamp Halonex Company (ISI) 1 year warranty with piece to piece replacement | 70=00 |
| 38 | 20 watt LED 4 Foot Light Halogenus Company (ISI) year warranty with piece to piece replacement | 220=00 |

| | | |
|---|---|---|
| 39 | 24 W LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 680=00 |
| 40 | 50 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 1200=00 |
| 41 | 100 watt LED light complete with fitting fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 2100=00 |
| 42 | 200 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 2950=00 |
| 43 | 400 Watt LED Light Complete with Fitting Fixture RMB APRILIZED COMPANY (ISI) YEAR GUARANTEE WITH PIECE TO PIECE REPLACEMENT | 5150=00 |
| 44 | In the light section, write the price of repairing old 24 watt LED light and its warranty period for repairing. | 280=00 |
| 45 | In the light section, write the price of repairing old 50 watt LED light and its warranty period of repairing. | 410=00 |
| 46 | In the light section write the price of repairing old 100 watt LED light and its warranty period of repairing. | 510=00 |

ઉપરોકત જણાવેલ સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં ઈલેકટ્રીક માલ–સામાન જરૂરીયાત મુજબ ખરીદી કરવાનાં ઓનલાઈન મંગાવેલ અં.નં.(૧)વાળા વેપારી શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળાનાં ઈલેકટ્રીક માલ–સામાનનાં ભાવો તારીખ. ૦૧–૦૬–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૪ સુધી જરૂરીયાત મુજબ ઈલેકટ્રીક માલસામાન ખરીદી કરવાનાં ઓનલાઈન આવેલ ભાવો મંજુર કરવામાં આવે છે.

નગરપાલીકાને જરૂર જણાય ત્યારે સમય મર્યાદાથી વધુ ત્રણ માસમાં મંજુર થયેલ ભાવથી ઈલેકટ્રીક માલ–સામાન ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.

અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા પાસે સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં તારીખ.૩૧–૦૩–૨૦૨૪ સુધી જરૂરીયાત મુજબ ઈલેકટ્રીક માલ–સામાન ખરીદી કરવામાં આવે તે બજેટહેડમાં ઈલેકટ્રીક માલ–સામાન ખરીદી કરવાનાં ખર્ચ ખાતે ૧૫,૦૦,૦૦૦/રૂ.મંજુર થયેલથી તારીખ.૩૧–૦૩–૨૦૨૪ સુધી જરૂરીયાત મુજબ ખરીદી કરવામાં આવેતે બજેટહેડમાં ફાળવેલ રકમમાંથી ખર્ચ કરવા મંજુર કરવામાં આવે છે.

અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા વેપારીએ ટેન્ડર સાથે અર્નેસ્ટમની ડીપોઝીટ ૧૦૦૦૦/રૂ.ની બેક ઓફ ઈન્ડિયા બેંક ફીકસ ડીપોઝીટની રસીદ મુકેલ છે.તે અર્નેસ્ટમની ડીપોઝીટ સન્ ૨૦૨૩–૨૦૨૪ના વર્ષમાં જમાં લેવા મંજુર કરવામાં આવે છે.તથા તે ટેન્ડરની મુદત પૂર્ણ ન થાય ત્યાં સુધી નગરપાલીકામાં જમા રાખવા મંજુર રાખવામાં આવે છે. તથા જે એજન્સીઓના ટેન્ડરમાં ભરેલ ભાવો ના મંજુર થયેલ હોવાથી જેઓની ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટ પરત આપવા મંજુર કરવામાં આવે છે.

અં.નં.(૧)શ્રી ક્રિષ્ના ઈલેકટ્રોનિક એન્ડ ઈલેકટ્રીકલ્સ કપડવંજવાળા ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબનો ટેન્ડરમાં ૧ થી ૪૬ આઈટમોમાં સપ્લાય કરવામાં નિષ્ફળ જાય ત્યારે સેકન્ડ એજન્સી પાસેથી ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

**<u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>**

**<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૭</u>**

**<u>તારીખ.૩૦–૦૫–૨૦૨૩</u>**

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા શોપીંગ સેન્ટરોની લાયસન્સ ફી (ભાડા) ઉપર જી.એસ.ટી.વસુલ કરવામાં આવે છે તેની જે રકમ થાય તે જી.એસ.ટી. કચેરીમાં દર માસે જમા કરાવી તેનું રીર્ટન ફાઈલ કરવાના કામે પી.જી.ઠકકર એન્ડ કું ખંભાતના ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રીને વાર્ષિક રૂપિયા.૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરાથી રોકવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૩૩૮ / તા.૧૯–૦૧–૨૦૧૬ જનરલ બોર્ડ ઠરાવ નં.૬૬/તા.૧૭–૦૩–૨૦૧૬ થી મંજુર થયેલ છે જે મુજબ પી.જી.ઠકકર એન્ડ કું ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી ખંભાતનું તારીખ.૦૧–૧૦–૨૦૨૨ થી તા.૩૧–૦૩–૨૦૨૩ સુધીનું અર્ધ વાર્ષિક રૂપિયા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરાનું બીલ નંબર.૧૬/૨૦૨૩–૨૪ તારીખ.૧૭–૦૫–૨૦૨૩ આવેલ છે જે બીલની રકમ ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૮</u>
# <u>તારીખ.૩૦/૦૫/૨૦૨૩</u>

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા માદળા તળાવ રોડ ઉપર ખંભાત નગરપાલિકાનું માદળા ગેસ્ટ હાઉસ શોપીંગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર.14 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર.B0092/A08 વાળી દુકાનમાં હાલ કલ્પેન્દ્રકુમાર ભુરૂભાઈ રહેવાસી.૨૮, પટેલ સોસાયટી, શકરપુર રોડ, મેતપુર જકાત નાકા સામે, ખંભાતના નામે છે.

સદર દુકાન તેઓએ (૧) આકાશકુમાર બંસીલાલ ખલાસી રહેવાસી.માછીપુરા કુંભારવાડો, ખંભાત (૨) ઉમેશભાઈ બંસીભાઈ ખલાસી રહેવાસી.ભુવાનું ચકલું, માછીપુરા, ખંભાતના નામે ટ્રાન્સફર કરવા માટે સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી અસલ પેપર્સ સાથે રાખી ખંભાત નગરપાલિકામાં તારીખ.૨૨–૦૫–૨૦૨૩ ના રોજ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફીમાં ૨૫% (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે સદર માદળા ગેસ્ટ હાઉસ શોપીંગ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. 14 જેનો મ્યુનીસીપલ બ્લોક નંબર.B0092/A08 વાળી દુકાનમાં (૧) આકાશકુમાર બંસીલાલ ખલાસી રહેવાસી.માછીપુરા, કુંભારવાડો, ખંભાત (૨) ઉમેશભાઈ બંસીભાઈ ખલાસી રહેવાસી. ભુવાનું ચકલું, માછીપુરા, ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

## <u>શ ર તો</u>

(૧) સદર દુકાનો માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૬૬૫/–અંકે રૂપીયા છસો પાંસઠ પુરા</u> પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના

આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) દુકાન ભાડે રાખનાર ઈસમ દુકાન પેટા ભાડવાતને આપી શકશે નહી અગરતો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય દુકાન બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે દુકાન ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે અને ૦૯ (નવ) વર્ષ પુર્ણ થયા પહેલા જે તે દુકાનદારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી દુકાનનો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં દુકાન ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/– તથા જે દુકાનની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે દુકાનની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો

થશે તથા વારસાઈથી દુકાનમાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા દુકાનમાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) દુકાનની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) દુકાન લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી દુકાન લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ દુકાનમાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય દુકાનમાં રીપેરીંગકામ, રંગકામ, સુધારો-વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસ–

દારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) દુકાન લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી જે કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ દુકાન બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓએ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે

(૨૧) દુકાન લાયસંસફી થી  રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. દુકાનનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ન રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર દુકાનની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર દુકાનમાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ. ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ દુકાનને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની.ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૬૯
## તારીખ.૩૦/૦૫/૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરની હદ વિસ્તારમાં હરતી ફરતી હાથલારી પાથરણા મારફતે ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો આપવા માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૬ તારીખ.૦૬–૦૫–૨૦૨૩થી શરતો નકકી કરેલ છે તે ઈજારો આપવા માટેની જાહેર હરાજીની જાહેરાત નગરપાલિકાના સુ.જા.નં.૪૪૬ તારીખ.૧૯–૦૫–૨૦૨૩ થી દૈનીક પેપર "નયા પડકાર" આણંદ જીલ્લા આવૃત્તિમાં પ્રસિધ્ધ કરી તથા ખંભાત શહેરના સ્થાનીક સાપ્તાહીક પેપર"આજ કા પ્રતિબંધ" મારફતે જાહેર હરાજીની જાહેરાત પ્રસિધ્ધ કરાવેલ તે અંગેની જાહેર હરાજી તારીખ. ૩૦–૦૫–૨૦૨૩ ના રોજ ૪–૦૦ સાંજના કલાકે નગરપાલિકા સેવા સદનમાં રાખવામાં આવેલ જેમાં ચાર(૦૪) ઈસમોએ હરાજી ડીપોજીટની રકમ જમા કરાવેલ છે જેમાં વાર્ષીક ઈજારાની અપસેટ કીમંત રૂપિયા.૨૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એકવીસ લાખ પચાસ હજાર પુરા રાખેલ જેમાં બોલી આગળ બોલતા સૌથી ઉચી બોલી મિસ્ત્રી સુનીલકુમાર કાંતીલાલ રહે.જાગનાથ મહાદેવની ચાલી, અકબરપુર, ખંભાતએ રૂપિયા.૨૮,૬૦,૦૦૦/– અંકે રૂપિયા અઠાવીસ લાખ સાહીઠ હજાર પુરા જાહેર હરાજીમાં બોલી બોલેલ છે તથા સરકારશ્રીના નિયમઅનુસાર જી.એસ.ટી. અલગથી ભરવાના રહેશે જે અંગેની બોલીની રકમ મંજુર કરવામાં આવે છે હરાજીની શરતો પ્રમાણે બોલીની કીમંત + જીએસટી. સહીતની જાહેર હરાજીની બોલીની કીમંતના બે હપ્તાની રકમની રૂપિયા.૫,૬૨,૪૬૭/– અંક રૂપિયા પાંચ લાખ બાસઠ હજાર ચારસો સડસઠ પુરા જમા કરાવેથી ઈજારો આપવા મંજુર કરવામાં આવે છે બાકીના અરજદારોએ ભરેલ હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવી. સદર ઠરાવ જનરલ બોર્ડમાં મુકવો.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

**ખંભાત નગરપાલિકા – ખંભાત**
**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૦૭૦**
**તારીખ : ૩૦–૦૫–૨૦૨૩**

પ.વ.ડી. વિભાગમાં હર્ષ જયંતીલાલ સોનીની અરજી તથા ખાતા અધિકારશ્રીનો રીપોર્ટ અને ચીફ ઓફીસર સાહેબશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના એન્જીનીયર તરીકે સને ૨૦૨૧ થી ફરજ બજાવે છે. તેમની કામગીરી ધ્યાને લઈ તેમને મળતા પગારમાં રૂપિયા.૩૦૦૦/– નો જુન–૨૩ થી વધારો કરી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી